# આર્થિક વિકાસ દર ૬-૬.૫ ટકાએ જશે

## વિમા, કોલસા અને જીએસટી જેવા સેક્ટરમાં સુધારા હાથ ધરાશે

નવી દિલ્હી,તા.૧૨

કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલીએ આજે કહ્યુ હતું કે, સરકાર વિમા, કોલસા અને જીએસટી જેવા સેક્ટરમાં સુધારાઓને આગળ વધારવા માટે ખુબ જ ગંભીર છે અને આને લઈને ખુબ જ મક્કમ પણ છે. આ સુધારાઓ આગળ વધારવા તમામ પ્રયાસ થઈ રહ્યા છે. આગામી નાણાંકીય વર્ષમાં વિકાસદર ૬-૬.૫ ટકા રહેવાની વાત કરવામાં આવી છે. તેમણે કહ્યું હતું કે, લાંબા ગાળાથી પેન્ડિંગ રહેલા જીએસટી આડેની અડચણો દૂર કરવા તેઓ રાજ્યોના નાણાપ્રધાન સાથે વાતચીત કરી ચુક્યા છે.

જેટલીએ કહ્યું હતું કે, સરકાર આગામી નાણાંકીય વર્ષમાં ૬-૬.૫ ટકાનો વિકાસદર હાસલ કરવા આશાવાદી છે. ત્યારબાદ સાત ટકાનો વિકાસદર હાંસલ કરાશે. તેમણે એમ પણ કહ્યું હતુ ંકે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી આયોજન પંચને નાબૂદ કરવાના મહત્વપૂર્ણ નિર્ણયની જાહેરાત કરી ચુક્યા છે. વર્ષ ૧૯૯૧માં આર્થિક સુધારાની શરૂઆત કરવામાં આવ્યા બાદ એક સંસ્થા તરીકે આ પંચ કામ કરી રહ્યું છે. સરકારે ડિઝલની કિંમતોને અંકુશમુક્ત બનાવી દીધી છે. ખર્ચના અહેવાલ મળી રહ્યા બાદ સબસિડીને તર્કસંગત બનાવાશે. જાહેર ખર્ચને કાબૂમાં લેવાશે. જીએસટીને એપ્રિલ ૨૦૧૬ સુધી અમલી બનાવાશે. જીએસટી એક્સાઈઝ ડ્યુટી અને સર્વિસ ટેક્સ જેવા પરોક્ષ કરવેરાને આવરી લેશે. તેમણે કહ્યું હતું કે, રાજ્યોના નાણાપ્રધાનો સાથે બેઠકમાં ઘણા મુદ્દે ચર્ચા થઈ છે. બાકી સીએસટી વળતરની બાકીની ચુકવણી આ વર્ષે કરવામાં આવશે. જીએસટી ખુબ જ મહત્વપૂર્ણ છે. મોટાભાગના રાજ્યોને ફાયદો થશે. જ્યાં સુધી કેન્દ્ર અને રાજ્યોની વાત છે. રેવેન્યુમાં સુધારો થશે. ૨૦૧૧માં લોકસભામાં જીએસટી બંધારણીય સુધારા બિલ રજૂ કરાયું હતું. એનડીએ સરકાર નવેસરથી બિલને હાથ ધરશે. વિમા સેક્ટરને ખોલવાના સંદર્ભમાં પસંદગી સમિતિના અહેવાલનો ઉલ્લેખ કરતા જેટલીએ કહ્યું હતું કે, મોટાપાયે મૂડીરોકાણ આવનાર છે. કમિટિ વિમા સેક્ટરમાં ૪૯ ટકા મૂડીરોકાણની મર્યાદાની વાત કરી છે.

જેટલીએ વિવિધ મુદ્દાઓ ઉપર આજે વાત કરી હતી. રાજ્યો એવી માંગ કરી રહ્યા છે કે, પેટ્રોલિયમ, શરાબ અને તંબાકુને જીએસટીની સમીક્ષાથી દૂર રાખવામાં આવે. જીએસટીને અમલી બનાવવા માટે કેટલીક મહેતલ નક્કી કરવામાં આવી છે પરંતુ આ મહેતલ રાજ્યોની અંદર સર્વસંમતિ ન સધાતા અટવાઈ પડી છે. નવી કરવેરા વ્યવસ્થાને લઈને રાજ્યોમાં કેટલીક દુવિધા છે.





રશિયન પ્રમુખ વ્લામિદીર પુટિનના માનમાં યોજાયેલ ભોજન સમારંભમાં ઉપરાષ્ટ્રપતિ હમીદ અન્સારી, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ ગોષ્ઠિ કરતા નજરે ચઢયા હતાં.

## દિલ્હીમાં ભીષણ હુમલા કરવા તોયબાની ખતરનાક યોજના

નવી દિલ્હી,તા. ૧૨

ભારતના પાટનગર દિલ્હીમાં મોટા ત્રાસવાદી હુમલાનો ખતરો તોળાઈ રહ્યો છે. અમેરિકાના પ્રમુખ બરાક ઓબામા પ્રજાસત્તાક દિવસે મુખ્ય મહેમાન બનનાર છે ત્યારે સુરક્ષા સંસ્થાઓ અને ઈન્ટેલિજન્સ બ્યુરોની ઉંઘ હરામ થઈ ગઈ છે. ખતરનાક ત્રાસવાદી સંગઠન લશ્કરે તોયબાના ત્રાસવાદી હુમલા કરી શકે છે તેવી ચેતવણી અમેરિકાએ આપી છે. જેથી સુરક્ષા સંસ્થાઓ અનો ઈન્ટેલિજન્સ બ્યુરોના અધિકારીઓ સાવધાન થઈ ગયા છે અને સુરક્ષા તમામ જગ્યાએ વધારી દેવામાં આવી રહી છે. ગૃહ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું છે કે અમેરિકી ઈન્ટેલિજન્સ સંસ્થાઓ તરફથી એલર્ટ આવ્યા આવ્યા સાવધાની રાખવામાં આવી રહી છે. જેમાં નક્કર માહિતી આપવામાં આવી નથી પરંતુ સાવધાન રહેવા કહેવામાં આવ્યું છે. હુમલો ક્યારે અને ક્યાં થશે તેની કોઈ માહિતી આપવામાં આવી નથી. જો કે ઈનપુટમાં કહેવામાં આવ્યુ છે કે અમેરિકાની પાસે એવી ગુપ્ત માહિતી છે કે દિલ્હીમાં કોઈ જગ્યાએ તોયબા મોટા હુમલાને અંજામ આપી શકે છે. જેને ધ્યાનમાં લઈને મોદી સરકાર કોઈ તક લેવા માંગતી નથી. તમામ પાસાને ધ્યાનમાં લઈને સુરક્ષા વ્યવસ્થા મજબુત કરવામાં આવી રહી છે. ગૃહ મંત્રાલયના સુત્રોએ કહ્યું છે કે દિલ્હીમાં સુરક્ષા માટે વધારાના પગલા લેવામાં આવ્યા છે. આઈબી દ્વારા ઉત્તરપ્રદેશ અને રાજસ્થાન જેવા રાજ્યો સાથે મળીને કામ શરૂ કરી દીધુ છે. આ બન્ને રાજ્યોને ત્રાસવાદી હુમલા અંગે સાવધાન કરી દેવામાં આવ્યા છે. આઈબીએ કહ્યુ ંછે કે દિલ્હીમાં હુમલાને અંજામ આપી શકે તેવા ટેરર મોડ્યુલને લઈને સાવધાન રહેવા માટે બન્ને રાજ્યોને કહેવામાં આવ્યું છે. પ્રદેશના અધિકારીઓ એને આઈબી વચ્ચે બેઠકો પણ યોજાઈ ચુકી છે. આગામી દિવસો સુરક્ષા સંસ્થાઓ માટે પણ ખુબ પડકારરૂપ રહે તેવી વકી છે.

**૬૬૪ ત્રાસવાદીઓએ ૧૪ દેશમાં હુમલા કર્યા**

## જેહાદી હિંસામાં ૫,૦૦૦ લોકોના મોત થયા : રિપોર્ટ

લંડન,તા. ૧૨

તાજેતરમાં જારી કરવામાં આવેલા નવા આંકડામાં ધડાકો કરવામાં આવ્યો છે કે માત્ર નવેમ્બર મહિનામાં જેહાદના નામે દુનિયાભરના દેશોમાં અનેક જગ્યાએ હુમલા કરવામાં આવ્યા હતા. આ હુમલામાં આશરે પાંચ હજાર લોકોના મોત થઈ ચુક્યા છે.

અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે ૬૬૪ ત્રાસવાદીઓ દ્વારા આશરે ૧૪ દેશોમાં હુમલા કરવામાં આવ્યા છે. જે પૈકી ઈરાક, અફઘાનિસ્તાન, સિરિયા અને નાઈજિરિયામાં સૌથી વધારે હુમલા કરવામાં આવ્યા છે. આ તમામ દેશોમાં થયેલી હિંસામાં સૌથી વધુ લોકોના મોત થયા છે. એક અગ્રણી સમાચાર સંસ્થાના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે એક મહિનામાં જેહાદી હિંસામાં કેટલા લોકોના મોત થયા છે તે જાણવા માટે આ અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી. સ્ટડીઈન્ટરનેસનલ સેન્ટર ફોર ધ સ્ટટી ઓફ રેડિકેલાઈઝેશનની સાથે મળીની અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આમાં જાણવા મળ્યું કે દર રોજ આશરે ૨૨ ત્રાસવાદી હુમલા થઈ રહ્યા છે. જેમાં ૧૬૮ લોકોના મોત થઈ રહ્યા છે. આ અભ્યાસના ભાગરૂપે ત્રાસવાદી સંગઠન ઈસ્લામિક સ્ટેટને આશરે ૨૦૦૦ લોકોના મોત માટે જવાબદાર ઠેરવીને તેના પર પ્રહારો કરવામાં આવ્યા છે. આમાં જાણવા મળ્યું છે કે એક મહિનામાં આશરે ૫૦૪૨ લોકો જાન ગુમાવી રહ્યા છે. જેમાં આશરે ૨૦૭૯ સામાન્ય નિર્દોષ નાગરિકો છે. આવી જ રીતે હિંસામાં ૧૭૨૩ જવાનોના મોત થયા છે. હુમલાના જવાબમાં એક હજાર જેહાદી માર્યા ગયા છે.

## સિંચાઈ કાંડમાં અજિત પવાર સામે તપાસનો આદેશ કરાયો

મુંબઈ,તા. ૧૨

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી અજિત પવાર અને એનસીપીના પ્રમુખ સુનિલ તત્કારે સામે ખુલ્લી તપાસ કરવા એસીબીની દરખાસ્તને સ્વીકારી લીધી છે. સિંચાઈ કૌભાંડમાં બંને સામે ફડનવીસે હવે તપાસનો આદેશ કરી દીધો છે. કરોડો રૂપિયાના સિંચાઈ કૌભાંડમાં હવે અજીત પવાર સામે મુશ્કેલી વધે તેવા સંકેત છે. એડવોકેટ જનરલ દ્વારા મુંબઈ હાઈકોર્ટમાં માહિતી આપવામાં આવી હતી કે, બંને સામે તપાસનો આદેશ કરવામાં આવ્યો છે. ફડનવીસ સરકારે પૂર્વ પીડબલ્યુડી પ્રધાન છગન ભુજબળની ભૂમિકામાં તપાસની દરખાસ્તને પણ સ્વીકારી લીધી છે. દિલ્હીમાં મહારાષ્ટ્ર સદનના નિર્માણમાં ગેરરીતિ તથા મુંબઈમાં બે ઈમારતોના નિર્માણમાં ગેરરીતિ બદલ ભુજબળ સામે તપાસનો આદેશ કરાયો છે. શરદ પવારના નેતૃત્વમાં પાર્ટી તરફથી ભૂતપૂર્વ પ્રધાનોની સામે તપાસની મંજુરી આપવાનો નિર્ણય ખુબ જ મહત્વપૂર્ણ છે. શિવસેના ભાજપ સરકારમાં સામેલ થઈ ગયા બાદ તપાસનો આદેશ સરળ થઈ ગયો હતો. ભાજપ સરકારને હવે એનસીપીનો કોઈ ભય નથી. એસીબી દ્વારા તપાસ કરવાની દરખાસ્ત એવા સમયે આવી છે જ્યારે કેટલાક મહત્વપૂર્ણ મામલા હાથ ધરવામાં આવી રહ્યા છે. ગૃહ વિભાગ દ્વારા તપાસ માટે તેની મંજુરી પહેલાથી જ મળી ચુકી છે. કોંગ્રેસ-એનસીપીના શાસન દરમિયાન જુદા જુદા વખતે અજીત પવાર અને તત્કારે જળ સંશાધન વિભાગના ઈન્ચાર્જ તરીકે હતા તે વખતે ભાજપે ૭૦ હજાર કરોડના કૌભાંડનો આક્ષેપ કર્યો હતો.

## શારદા ચીટ ફંડના કૌભાંડમાં મંત્રી મદન મિત્રાની પુછપરછ

કોલકત્તા,તા. ૧૨

સમગ્ર દેશને હચમચાવી કરોડો રૂપિયાના ચીટ ફંડ કોંભાંડ કેસના સંબંધમાં સીબીઆઈ દ્વારા પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જી સરકારમાં ચાવીરૂપ પ્રધાન મદન મિત્રાની પુછપરછ કરવામાં આવતા ખળભળાટ મચી ગયો છે. મુખ્યપ્રદાન મમતાની મુશ્કેલી આ કોંભાંડના કારણે સતત વધી રહી છે. તેમની પ્રતિષ્ઠાને મોટા ફટકો પડી રહ્યો છે. રાજ્યના પરિવહન પ્રધાન અને તૃણમૂળ કંગ્રેસના નેતા મદન મિત્રાને કેટલાક વેધક પ્રશ્નો કરવામાં આવ્યા હતા. અધિકારીએ કહ્યું હતુ કે બીજી વખત સમન્સ આપવામાં આવ્યા બાદ મિત્રા સવારે ૧૧ વાગે સીઓ કોમ્પ્લેક્સ ખાતે પહોંચી ગયા હતા. સીબીઆઈએ પ્રથમ વખત ૧૮મી નવેમ્બરના દિવસે સમન્સ જારી કર્યુ હતુ. પરંતુ આરોગ્યના



આધાર પર તેઓ હાજર રહી શક્યા ન હતા. શરૂઆતમાં ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધા બાદ મિત્રા પર ૨૦મી નવેમ્બરના દિવસે એસએસકેએમ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાંતી તેમને ૨૬મી નવેમ્બરના દિવસે રજા આપી દેવામાં આવી હતી. હોસ્પિટલમાંથી રજા મળી ગયા બાદ કોંભાંડમાં સામેલ હોવાનો ઈન્કાર કરનાર મિત્રા પર દબાણ વધારી દેવામાં આવ્યું હતુ. તેમણે એમ પણ કહ્યું હતું કે તેઓ તપાસમાં સહકાર કરશે અને જ્યારે પણ પુછપરછ માટે બોલાવવામાં આવશે ત્યારે તેઓ હાજર થઈ જશે. કમરહાટી વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય મિત્રા શારદાના કેટલાક કાર્યક્રમોમાં મહેમાન તરીકે દેખાયા હતા. જ્યા તેઓએ ગ્રુપ પ્રમોટરની પ્રશંસા કરી હતી. રોજગારીની તક ઉભી કરવા બદલ કોંભાડના સુત્રધાર સુદિપ્તા સેનની તૌએ પ્રસંસા કરી હતી. સીબીઆઈની ટીમ અગાઉ મિદ્દાના નજીકના સાથી બાપી કરીમની પુછપરછ કરી ચુકી છે. સીબીઆઈ દ્વારા આ કેસના સંબંધમાં પ્રધાનોને સકંજામાં લઈ લેવામાં આવ્યા છે. અગાફ ટેક્સટાઈલ પ્રધાન એસ. મુખર્જીની પુછપરછ કરવામાં આવી ચુકી છે. કોંભાંડના સંબંધમાં કેટલાક જેલભેગા થઈ ચુક્યા છે. સસ્પેન્ડ કરવામાં આવેલા તૃણમૂળ કોંગ્રેસના કુણાલ ઘોષ પોલીસ કસ્ટડીમાં છે.

## નાથુરામ ગોડસે અંગેના નિવેદનને પરત ખેંચાયું

નવીદિલ્હી,તા.૧૨

સાક્ષી મહારાજે લોકસભામાં નાથુરામ ગોડસે અંગે તેમના નિવેદનને લઈને દુખ વ્યસ્ત કર્યું હતું અને તેમનું વિવાદાસ્પદ નિવેદન પાછું ખેંચી લીધું હતું. લોકસભામાં બોલતા સાક્ષી મહારાજે કહ્યું હતુ કે, તેઓ બાપુનું સન્માન કરે છે. સાથે સાથે સંસદનું પણ સન્માન કરે છે પરંતુ વિરોધ પક્ષો બિનજરૂરી મુદ્દા ઉઠાવે છે. તેઓ પોતાના શબ્દો પાછા ખેંચે છે. જો કોઈ વ્યક્તિને તેમના નિવેદનથી ઠપકો પડ્યો છે તો તેઓ આના માટે દુખી છે. કેન્દ્રીયપ્રધાન વેંકૈયા નાયડુએ કહ્યું હતું કે, સરકાર સાક્ષી મહારાજના નિવેદનને કઠોર શબ્દોમાં વખોડે છે. સાંસદે પહેલાથી જ સ્પષ્ટતા કરી દીધી છે. ભાજપ અને સરકાર પ્રધાનના સૂચનોને લઈને સહમત નથી. ભાજપના સાંસદ સાક્ષી મહારાજ દ્વારા કરવામાં આવેલા નિવેદનને લઈને સંસદના બંને ગૃહોમાં હોબાળો થયો હતો. સાક્ષી મહારાજે ગઈકાલે કહ્યું હતુ કે, મહાત્મા ગાંધીનો હત્યારો નાથુરામ ગોડસે દેશભક્ત હતો જ્યારે ઉત્તરપ્રદેશના રાજ્યપાલ રામનાયકે કહ્યું હતું કે, તેઓ રામ મંદિર માટેની ઈચ્છા ધરાવે છે. દેશના લોકો પણ ઈચ્છે છે કે, મંદિર બનવું જોઈએ. સંયુક્ત વિરોધ પક્ષે આજે માંગ કરી હતી કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગોડસે અંગે સરકારનું વલણ સ્પષ્ટ કરવું જોઈએ.

## આઈએસ ટ્વિટર એકાઉન્ટ હેન્ડલ કરનારા શખ્સની શોધખોળ

બેંગ્લોર,તા. ૧૧

એક સનસનાટીપૂર્ણ ઘટસ્ફોટમાં જણાવવામાં આવ્યું છે કે, બેંગ્લોર સ્થિત એક ભારતીય કારોબારી દ્વારા આતંકવાદી સંગઠન ઈસ્લામિક સ્ટેટ માટે સૌથી મોટી ઓનલાઈન ભરતીની પ્રક્રિયા ચાલી રહી હતી. બેંગ્લોરમાં તપાસ કરવા હવે તપાસ ટુકડી પહોંચી ચુકી છે. બેંગ્લોર પોલીસની ક્રાઈમ બ્રાંચ દ્વારા ઉંડી તપાસ શરૂ થઈ ચુકી છે. બ્રિટનની ચેનલ ૪ ન્યુઝ દ્વારા ઘટસ્ફોટ કરવામાં આવ્યો છે કે, સૌથી પ્રભાવશાળી આઈએસ ટ્વિટર એકાઉન્ટ પાછળ મહેંદી નામનો શખ્સ છે અને તે બેંગ્લોરમાં કામ કરી રહ્યો છે. તેનું સંપૂર્ણનામ આ સમાચાર ચેનલે આપ્યું નથી. કારણ કે નામ જાહેર કરવાથી તેના જીવન સામે ખતરો ઉભો થઈ શકે છે. તેની સાચી ઓળખ આપવામાં આવી નથી. ચેનલે ધડાકો કર્યો છે કે, સામી સાક્ષી હેઠળ લખવામાં આવેલા તેના ટ્વિટ દર મહિને ૨૦ લાખ વખત જોવામાં આવી ચુક્યા છે.

આનો મતલબ એ થયો કે તે સૌથી પ્રભાવશાળી ઈસ્લામિક સ્ટેટ ટ્વિટર એકાઉન્ટ છે જેમાં ૧૭૭૦૦ ફોલોઅર્સ રહેલા છે. બેંગ્લોર પોલીસની ટુકડી બ્રિટિશ મિડિયા અહેવાલની પ્રમાણિકતાની ચકાસણી કરી રહી છે. ટીમ પહોંચી ચુકી છે. શહેર પોલીસના કમિશનર એમએન રેડ્ડી દ્વારા જણાવવામાં આવ્યું છે કે, તમામ અહેવાલોમાં ખાતરી કરવામાં આવી રહી છે. શહેર પોલીસ એનઆઈએ, આઈબી જેવા તપાસ સંસ્થાઓના સંપર્કમાં છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા પોલીસ અધિકારીએ કહ્યું હતું કે, અમે સંપર્કમાં છીએ. ઘણી વખત સ્લીપર સેલની ઉપસ્થિતિ અંગે માહિતી મળતી રહે છે. આ અહેવાલો સાચા છે. કેટલીક વખત આવા અહેવાલો ખોટા સાબિત થાય છે. જો કે, તમામ ઈનપુટને ગંભીરતાપૂર્વક લેવામાં આવે છે. ઈસ્લામિક સ્ટેટ ટ્વિટર એકાઉન્ટ કોણ હેન્ડલ કરે છે તેને લઈને બેંગ્લોર પોલીસ દ્વારા શખ્સની શોધખોળ શરૂ કરાઈ છે.



નોર્વેના ઓસ્લો ખાતે યોજાયેલ નોબેલ શાંતિ પુરસ્કાર પદાર્પણ સમારંભમાં સંયુક્ત નોબેલ વિજેતા મલાલા યુસુફ કરજાઈ અને કૈલાશ સત્યાર્થીએ પાકિસ્તાની સંગીતકાર રાહલ ફ્તેહ અલી ખાનનું અભિવાદન કર્યું હતું.

## મહિલા સુરક્ષા : ડ્રોન વિમાન મારફતે દિલ્હીમાં નજર હશે

નવી દિલ્હી,તા. ૧૨

દેશની અંદર પ્રથમ વખત કાયદો અને વ્યવસ્થા પર નજર રાખવા માટે હવે ડ્રોન વિમાન તૈનાત કરવામાં આવનાર છે. દિલ્હીમાં હાલમાં અપરાધ સતત વધી રહ્યા છે ત્યારે નવી હિલચાલ રૂપે નિર્ણય કરવામાં આવ્યો છે. દિલ્હીમાં પેટ્રોલિંગ માટે ડ્રોન ગોઠવવામાં આવનાર છે. દિલ્હીને મહિલાઓ માટે વધારે સુરક્ષિત બનાવવા માટે આ નિર્ણય કરાયો છે.

આ નાના ડ્રોન વિમાનમાં નાઈટ વિજન કેમેરા લાગેલા રહેશે. ઉબેર કંપનીના ટેક્સીમાં ૨૭ વર્ષીય ફાયનાન્સ કંપનીના કારોબારી મહિલા પર રેપની ઘટના બન્યા બાદ દિલ્હીમાં મહિલાઓની સુરક્ષાને લઈને ફરી પ્રશ્નો ઉઠવા લાગી ગયા છે. પોલીસે નિર્ણય કર્યો છે કે તે પાટનગરના વિસ્તારોમાં ગુનાને રોકવા માટે ડ્રોન ગોઠવશે. આ ડ્રોન વિમાન નાઈટ વિજન થર્મલ ઈમેજિંગ કેમેરાથી સજ્જ રહેશે. આ પ્રોજેક્ટને આગામી મહિનામા નોર્થ ડિસ્ટ્રીક્ટમાં લોંચ કરવામાં આવનાર છે. ઉબેર કેરની ઘટના પણ આ જ વિસ્તારમાં બની હતી. એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે આ પ્રોજેક્ટની સાથે ઉત્તરીય દિલ્હી એવા પ્રથમ વિસ્તાર તરીકે રહેશે જ્યાં બાજ નજર રહેશે. સીસીટીવી અને ડ્રોનની મદદથી પરિસ્થિતી પર નજર રાખવામાં આવશે.

## સમાચાર ઝલક

- રેલવેની કન્ફર્મ ટિકિટ બીજી વ્યકિતને ટ્રાન્સફર કરી શકાશે.
- રવિવારે મુંબઈમાં વિશ્વ હિન્દુ પરિષદની સુવર્ણ જયંતિ ઉજવાશે.
- રાજયમાં શિયાળાનો સુસવાટો શરૂ, રાજકોટમાં ૧ નું મોત.
- એનઆરઆઈ દ્વારા છેલ્લા ૩ વર્ષમાં છેતરપિંડીના લગ્નના ૧૮૮ કેસો થયા.
- જખૌ નજીક ૫૮ માછીમારોના અપહરણ, ૧૦ બોટ પણ ગુમ.
- સરકારના પાર્ટ ટાઈમ કર્મચારીઓના સમયાંતરે પગાર વધશે.
- તમામ સરકારી સહાય-લોન-સબસીડી માટે 'આધારકાર્ડ' ફરજીયાત રહેશે.
- બટકાથી મેદસ્વીતા વધતી હોવાનું દાવા ફગાવતું નવું સંશોધન.
- ક્રિકેટર વિરેન્દ્ર સહેવાગ કોઈ પણ સમયે નિવૃત્તિ જાહેર કરશે.
- ૨૨૦ ભારતીય ભાષા મરી પરવારી છે. ૧૫૦ મરણપથારીએ છે.
- દૂધમાં ભેળસેળ કરનાર વેપારીને થશે જેલની સજા સુરક્ષા કાયદો કડક બનાવાશે.
- ટુંક સમયમાં ભારત ખાતરમાં સ્વાવલંબી બનશે.
- સ્કૂલવાનમાં હવે વધુમાં વધુ ૧૪ વિધાર્થીઓને બેસાડી શકાશે.

## સમગ્ર ઉત્તરપ્રદેશમાં ઘરવાપસી કાર્યક્રમ હાથ ધરવાની હિલચાલ

નવી દિલ્હી,તા. ૧૨

બજરંગ દળ અને ધર્મ જાગરણ મંચ દ્વારા ૨૫મી ડિસેમ્બરના દિવસે ઉત્તરપ્રદેશના અલીગઢમાં મોટા પાયે ઘર વાપસી કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું છે. જેને લઈને બન્ને સંસ્થા ભારે ઉત્સાહિત છે. આગરામાં લોકોના ધર્મ પરિવરત્ન કરાવીને તેમની ઘરવાપસીમાં મુખ્ય ભૂમિકા અદા કરનાર બજરંગ દળના સભ્યો કહે છે કે છેલ્લા ૧૨ વર્ષના ગાળામાં યુપીમાં આશરે ૧૩ લાખ લોકોની ઘર વાપસી કરાવી ચુક્યા છે.



આગામી દિવસોમાં આ કાર્યક્રમ જારી રહેશે. અલીગઢ બાદ ટુંક સમયમાં જ યુપીના અન્ય જિલ્લામાં અને ઉત્તરાખંડમાં આવા કાર્યક્રમ યોજવામા આવનાર છે.

કાર્યક્રમને અસરકારક અને સફળ બનાવવા માટે ધર્મ જાગરણ સમિતીના પશ્ચિમી ઉત્તરપ્રદેશ યુનિટ દ્વારા હવે પરિપત્ર જારીને ઘરવાપસી કાર્યક્રમ માટે દાનની માંગ કરવામાં આવી છે. અલીગઢમાં આ કાર્યક્રમ પહેલા દાનની માંગ કરવામાં આવી છે. યુનિટના ક્ષેત્ર પ્રમુખ રાજેશ્વર સિંહ દ્વારા જારી કરવામાં આવેલા પત્રમાં જણાવવામાં આવ્યું છે કે ઘરવાપસી હેઠળ ૨૦ જિલ્લામાં ૪૦૦૦૦ લોકોની ઘરવાપસી થઈ ચુકી છે. ખ્રિસ્તી સમુદાયના લોકોની ઘરવાપસી માટે બે લાખ અને મુસ્લિમની ઘરવાપસી માટે પાંચ લાખના દાનની માંગ કરવામાં આવી છે. પત્રમાં કહેવામાં આવ્યું છે કે આવી કવાયત પર જંગી રકમ ખર્ચ કરવામાં આવ છે. બજરંગ દળ અને ધર્મ જાગરણ મંચ દ્વારા કેટલાક કાર્યક્રમ તૈયાર કરવામાં આવી રહ્યા છે.

દેશભરમાં આ મુદ્દે હાલ ભારે હોબાળો થયેલો છે. સંસદમાં પણ આ મુદ્દે હોબાળો રહ્યો છે. સંઘે નિવેદન જારી કરીને કહ્યું છે કે, આર્ય સમાજ અને અન્ય સંગઠનો ઘર વાપસી કાર્યક્રમ ચલાવી રહ્યા છે. આગરા કોર્ટમાં પણ આ મામલો પહોંચી ચુક્યો છે. જેના ભાગરૂપે કોર્ટે મુખ્ય આરોપી કિશોર વાલ્મિકી સામે બિનજામીન પાત્ર સમન્સ જારી કર્યું છે. ધર્માંતરણને પ્રોત્સાહન આપવાનો કેટલાક લઘુમતી સમુદાયે આક્ષેપ કર્યો છે. મુખ્યમંત્રી સમક્ષ રજુઆત પણ કરવામાં આવી છે.